
# હવાને હવાલે



કવિ 'આનંદ'

# હવાને હવાલે

રચના : કવિ આનંદ
મુનિશ્રી મુનિચંદ્રજી મહારાજ ( બંધુત્રિપુટી )

સંકલન - સંપાદન
બંધુત્રિપુટી શ્રી જિનચંદ્રજી મહારાજ

પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, તીથલ, વલસાડ, ગુજરાત

# HAWA NE HAWALE

A discourse on Positive approach towards the life by
MUNISHREE MUNICHANDRAJI ( KAVI ANAND )

© PRERNA PRAKASHAN TRUST

First Edition, 1987
Second Edition, 1994
Third Edition, 2021

Price : Rs. 50/-

Type setting :
Samir Bhavsar - Valsad.

Printers :
Urmi Printers
Ahmedabad. Mo: 98988 64284

Publisher :

PRERNA PRAKASHAN TRUST
Shantidham Aradhana Kendra
Tithal, Dist. Valsad, Gujarat.
Pin - 396006. INDIA
Phone : ( 02632 ) 255874
Mo : +91 93742 55874
e mail : shantidham02@gmail.com

# પ્રકાશકીય

દેશ વિદેશમાં **'બંધુત્રિપુટી'** તરીકે જાણીતા ત્રણ જૈન મુનિઓ માં સૌથી વડીલબંધુ નિજાનંદી અલગારી સંત પૂજ્યશ્રી **મુનિચંદ્રજી મહારાજ** એક ઉત્તમ કક્ષાના કવિ પણ હતા. **'આનંદ'**ના નામે તેમણે શતાધિક કાવ્યો, ગીતો અને ગઝલોની રચનાઓ કરી છે.

કવિ **'આનંદ'** ના આ પૂર્વે પ્રગટ થયેલાં કાવ્યસંગ્રહો : **'હવાને હવા લે'** અને **'કેમ રહેવાય કહો છાના'** માંથી પસંદગીના કાવ્યો-ગીતો ચૂંટી ચૂંટીને સમયે સમયે **'હું અવકાશી પંખી'** **'સાત સમંદર'** વિગેરે અલગ અલગ પુસ્તકો પ્રગટ થતાં રહયાં છે.

તેમના આ કાવ્યો સંગ્રહો લગભગ અપ્રાપ્ય બન્યાં છે અને તેની માંગણી સતત ચાલુ હોવાથી આજે પૂર્વ પ્રકાશિત એ બધા જ કાવ્યસંગ્રહોમાંથી વધુ લોકભોગ્ય બનેલા અને સરળતાથી રજૂ કરી શકાય તેવા ચૂંટેલા થોડા કાવ્યો-ગીત-ગઝલો નું આ નવું સંકલન ફરી એ જ **'હવાને હવાલે'** એ નામથી જ પ્રકાશિત થઈ રહયું છે તેનો આનંદ છે.

આ પુસ્તિકાનું ટૂંક સમયમાં જ સુંદર અને સુઘડ પ્રિન્ટીંગ કરી આપનાર **શ્રી મહેશભાઈ પટેલ** ( ઉર્મિ પ્રિન્ટર્સ-અમદાવાદ) અમારા અભિનંદનના અધિકારી છે.

કવિ **'આનંદ'**ના રેખા ચિત્રો તથા અન્ય અનેક રેખાંકનો પણ પ્રેમથી અમને વાપરવા માટે આપ્યા છે તે માટે અમદાવાદના કલાકાર **અંકુર સૂચક**ને પણ કેમ ભૂલી શકાય - તેમને હાર્દિક ધન્યવાદ.

**ટ્રસ્ટી મંડળ, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**



# હવાને હવાલે

## કવિ 'આનંદ' ના
## કાવ્ય સંગ્રહની
## અનુક્રમણિકા


| કાવ્ય | પેજ |
|---|---|
| હવાને હવાલે | ૧ |
| બદલાયા કરે ! | ૨ |
| અમી નીતરે | ૩ |
| જિંદગી બસ જોઈ લો ! | ૪ |
| જોયા | ૫ |
| ચાલતો રહ્યો ! | ૬ |
| મારી અંદર | ૭ |
| ન આંસુ સાર તું... | ૮ |
| બદલો ભલેને બદલો | ૯ |
| બાવન પત્તાંની વાત છે | ૧૦ |
| વિશ્વવત્સલ હે વિભુ ! | ૧૧ |
| છલકાય અમરત ! | ૧૨ |
| દિલના દીપ જલાઓ ! | ૧૩ |
| કર તું દરગુજર મને ! | ૧૪ |
| છે પર્યુષણા આત્માની વંસત | ૧૫ |
| આ જાય સમય ! | ૧૬ |
| વધો આગળ | ૧૭ |
| કેમ રહેવાય કહો છાનાં ? | ૧૮ |
| કવિતા...કવિતા... | ૧૯ |
| મિજલસની વાત છે ! | ૨૦ |
| નિરાકરણ નથી ! | ૨૧ |
| અગમનો એ મારગ | ૨૨ |
| ઘેરી રાતે | ૨૪ |
| વરસાદી મોસમ | ૨૫ |
| બંસીની બારાત નીકળી ! | ૨૬ |
| અધૂરા | ૨૭ |

| કાવ્ય | પેજ |
|---|---|
| ખૂબ ખૂબસૂરત | ૨૮ |
| ખબર ક્યાં છે ? | ૨૯ |
| નીકળ્યો છું | ૩૦ |
| ભાઈ આપણે | ૩૧ |
| યુગોથી અકળ છું | ૩૨ |
| શમણાં ફળે છે | ૩૩ |
| હસતો રહું છું | ૩૪ |
| ઘેઘુર વન છે | |
| પ્રેમ—વર્ષા | ૩૫ |
| ખૂંદી વળજે | ૩૬ |
| ચાલી શકો તો ચાલો | ૩૭ |
| ચહું છું | ૩૮ |
| નાવ પણ છું હું | |
| ક્ષમા જલ | ૩૯ |
| કેવું મજાનું બાળપણ ! | ૪૦ |
| કૃષ્ણ જાગો કો'ક | ૪૧ |
| આયનો જો હું થાઉં | ૪૨ |
| એકાન્તે પણ મેળા | ૪૩ |
| થઈ જા સવાર તું | |
| શ્રાવણ જેવું વરસી જઈએ ! | ૪૪ |

| કાવ્ય | પેજ |
|---|---|
| આ ક્ષણે ! | |
| હરદમ | ૪૫ |
| હું જ મારો પ્રશ્ન છું | |
| ખુલ્લી કિતાબ છે. | ૪૬ |
| રસ્તો | |
| ઓછું નથી ઈનામ | ૪૭ |
| સંકુલ થૈ જશે | |
| મને શોધો નહીં મિત્રો ! | ૪૮ |
| ફળે આસમાની ઈરાદ | |
| તો સારું | ૪૯ |
| માંદગીના બિછાનેથી | ૫૦ |
| અજાણ્યા જ રસ્તે | ૫૧ |
| જીવંત લાગે છે | ૫૨ |
| *धूप में साया* | ૫૩ |
| *रास्तेपे हम* | ૫૪ |
| કચ્છી ગઝલ | ૫૫ |
| કચ્છ રણને કરચલી | ૫૬ |
| હોલી ડે છે ! | ૫૭ |
| આ ઘટમાળ છે યથાવત્ | ૫૮ |

# એમની કવિતા કાલધર્માતીત છે....અમર છે

**કવિ ઉશનસ**

સ્વ. મુનિચન્દ્રજી મહારાજ એ કેવળ એક સંત ન હતા; એક ઊંચીપ્રતિભા–શક્તિસંપન્ન કવિ પણ હતા; અને એ માટે વલસાડ ગર્વ અનુભવે છે. એમના કાવ્યસંગ્રહો અને બીજાં ગદ્ય લખાણોથી એમણે વલસાડ–તીથલના 'શાંતિનિકેતન' ને અખિલ ગુજરાતના સાહિત્યક્ષેત્રના નકશામાં મૂકી આપ્યું હતું.

આપ **'બંધુ ત્રિપુટી'**ને કારણે તીથલ સાચેસાચ તીર્થસ્થળરૂપે વિકસ્યું છે એમ હું માનું છું. 'બંધુત્રિપુટી' જો કે જૈનધર્મની નીપજ છે, પણ તે વિશાળ ભારતીય સંસ્કૃતિની ઉદ્‌ગાતા બની રહી હતી એ વાત ખાસ રીતે સ્વ. શ્રી મુનિચન્દ્ર મહારાજના જીવન અને કવન કાર્યથી પ્રમાણિત થઈ છે.

આપણાં ગુજરાતી સાહિત્યના આરંભમાં કાલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** જેવા મહાન સાધુવર છે, તો છેક આ વીસમી સદીના ઉત્તરાર્ધમાં શ્રી મુનિચન્દ્ર મહારાજનું વાઙ્મય છે.

શ્રી મુનિચન્દ્ર મહારાજ 'આનંદ'ના ઉપનામે બે કાવ્યસંગ્રહો ને થોડુંક ગદ્ય લખાણ ગુજરાતને આપી ગયા છે. એમના કાવ્યસંગ્રહો **શ્રી હરીન્દ્ર દવે** અને **શ્રી ભગવતીકુમાર શર્મા** જેવાની પ્રશંસા પામ્યા છે એટલું જ નહીં, અહીં રહી ગયેલા આપણા મૂર્ધન્ય કવિ **શ્રી ઉમાશંકર જોશી** પણ એમની કવિતા પર મુગ્ધ હતા, એ કંઈ જેવી તેવી સિદ્ધિ નથી. જૈનધર્મના વીતરાગી ઉછેર પછી પણ આવી ઊંચી રુચિ અને સૌન્દર્યદ્રષ્ટિવાળી કવિતા રચવી એ નાનીસૂની વાત નથી.

મુનિશ્રી જીવનના ઉલ્લાસના કવિ છે. પોતે સંત હોવા ઉપરાંત કવિ હોવાથી એમની કવિતામાં ભક્તિનો એક રંગીન ઉછાળ અનુભવાય છે. કવિ ભલે કાળધર્મ પામ્યા હોય, પણ એમની કવિતા કાલધર્માતીત છે–અમર છે.

# સાધકનું અનુભવ જગત

**હરીન્દ્ર દવે**

'બંધુત્રિપુટી' એ નામનું સ્પંદન છેલ્લા કેટલાક સમયથી અનુભવ્યા કર્યું છે. તેમની વાણીનો જાદુ, તેમનાં લખાણોનો પ્રભાવ વગેરે સાંભળતો પામતો રહ્યો છું.

પૂજ્ય મુનિચન્દ્રવિજયજી 'બંધુત્રિપુટી'ની કાવ્ય રચનાઓ વિશે કંઈક પ્રાસ્તાવિક લખવાનું કહેવાયું ત્યારે થોડોક સંકોચ થયો. સત્પુરુષો સંતોના ત્યાગ અને સમર્પણને હમેશાં પૂજ્યભાવે જોયા છે. તેઓ વિશે આ પ્રકારનું પ્રાસ્તાવિક લખવાનું કોઈ કહે ત્યારે મારી એ વિશેની પાત્રતા વિશે મારું જ મન પ્રશ્ન કરે છે. છતાં સંતની કૃતિઓ ગ્રંથસ્થ થાય તે પહેલાં વાંચવાની તક મળે તેને પ્રભુનો પ્રસાદ ગણું છું.

'હવાને હવાલે'માં તેનાં વાચ્યાર્થ અને તત્ત્વાર્થ બંને રીતે 'પ્રસાદ' પ્રાપ્ત થયા છે. સંતો પોતાના ચિંતનના માધ્યમ તરીકે કવિતાને પસંદ કરે એ પરંપરા નવી નથી. મધ્યકાલીન કવિઓ, એ પહેલાં ગુજરાતી કવિતાના પાયામાં રહેલી જૈન સાધુઓની પ્રાસાદિક કવિતા, ભારતની જ નહીં દુનિયાની પ્રત્યેક ભાષામાં આવું જોવા મળે છે. સેંટ જ્હોન કે જ્યોર્જ હર્બર્ટ જેવા કવિઓ પોતાની સાધનાનાં અનેક માધ્યમોમાંના એક તરીકે કવિતા પર પસંદગી ઉતારે છે.

આ પ્રકારની કવિતામાં એક મસ્તી હોય છે. સ્વાન્તઃ સુખાય આવતી અભિવ્યક્તિની સહજતા હોય છે. આ મસ્તી અને સહજતાને આ સંગ્રહમાં માણી શક્યો છું. 'ધરા પર ચરણ ને નજર આસમાને' રાખતા સંત જ કહી શકે :

હવે નાવ છોડી હવાને હવાલે,<br>
હવાની હો મરજી તો એને સમાલે.

તારવું કે મારવું એ પરમાત્માને જ સોંપી દેતા ભક્તની ખુમારી આ પંક્તિઓમાં અનુભવાય છે.

આ દુનિયામાં ઘણું બધું અલ્પજીવી છે. બદલાતું રહે છે. આ વાતને આ કવિ આ રીતે મૂકે છે :

રાહ એના એ રહે ને રાહી બદલાયા કરે;
વૃક્ષ ડાળી એ જ કિન્તુ, પર્ણ બદલાયા કરે.

વૃક્ષ, ડાળી અને પર્ણની વાત હૃદયસ્પર્શી છે. મારા ઘરની પાછળ એક વૃક્ષ છે. ફેબ્રુઆરીમાં એનાં બધાં જ પર્ણ ખરી ગયાં હતાં. એ સૂકાં ઠૂંઠાને દર વરસે જોઉં છું. પછી એપ્રિલ–જૂન આવે અને એ લીલાં પર્ણો છલકાઈ ઊઠે છે. આ પંક્તિઓ વાંચ્યા પછી હું પણ મારી જાતને એ લીલાં પાંદડા તરીકે જોઈ શક્યો. આ સૃષ્ટિ વૃક્ષની ડાળી જેવી, પર્ણ કરતાં થોડું વધુ જીવનારી છે. વૃક્ષ કદાસ ડાળીઓથી યે વધારે જીવે. પણ સૃષ્ટિની ક્ષણભંગુરતાનો મર્મ આ પંક્તિઓમાં પકડાય છે. પંક્તિઓ તેના ચિંતન માટે નહિ સરળ કાવ્યત્વ માટે પણ હૃદયને સ્પર્શી જાય છે.

સાધકના અનુભવજગતને આપણે સંતકવિઓની રચનાઓમાં જુદી જુદી રીતે જાણી અને માણી શકીએ છીએ. મુનિચન્દ્રવિજયજીની રચનાઓમાં પણ સાધકના અનુભવજગતની ઝાંખી મળે છે. ક્યારેક મનુષ્ય પોતાની લઘુતાનો અનુભવ કરે છે, ક્યારેક પોતાની વેદનાનો કે આસપાસની વેદનાનો અનુભવ કરે છે. તો ક્વચિત એ બધાંની પાર ગયા પછી પ્રગટ થતી ખુમારીનો અનુભવ થાય છે. બારેક પૃષ્ઠોમાં વિસ્તરની 'વાત મનની અજનબી' કવિતામાં મનનાં આ અપાર, અજ્ઞાત રૂપને આકાર અપાયો છે. મન છીપ જેવું છે. ક્યારેક માતા સરસ્વતી આ મનને ઉપહાર પાઠવે છે. સ્વાતિબિન્દુ રૂપ આ ઉપહાર અને તે –

રંગબિરંગી સંવેદનનાં, મેઘધનુષો નવાં રચાશે તારા મનમાં !
અને પાકશે અલકમલકનાં, મબખલ મોતી તારી છીપે !

મુનિચન્દ્રવિજયજીને માતા સરસ્વતીએ આપેલા ઉપહારનાં સુફળ રૂપે કવિતાનાં મોતી સાંપડયા છે. આ મોતીનાં મૂલ્ય 'ગમતાંનો ગુલાબ' કરીએ

એમ વધતા જ રહે છે. આપણે આવાં થોડાંક મોતીનો ઝળહળાટ માણીએ :

અભેદ કેળવી જુએ તું આસમાન પર;
તને જ લાગશે બધે છે આરપાર તું.

અભેદ સાથે જ બધે આરપાર હોવાની અનુભૂતિ મહાવીર, બુદ્ધ કે શંકરના દર્શન સાથે તદાકાર થાય છે, તેની કાવ્યાત્મક અભિવ્યક્તિ ગુમાવ્યા વિના. આ અભેદની વાત આગળ પણ આ રીતે પ્રગટ થઈ છે :

ધાગા જેવો છું મણકાથી જુદો તોયે
દરેક મણકો કહી રહ્યો 'તું મારી અંદર'.

આત્માના અભેદની વાત છે. પ્રત્યેક દેહમાં વસતું ચૈતન્ય એક જ છે. પણ દેહની સ્થૂલ ભિન્ન દેખાય છે. આ જ તદ્રુપતાની, અભેદની, અદ્વૈતની વાત અહીં પણ છે :

ન આંસુ સાર તું પરમાત્મના દીદારને માટે,
નજરને બંધ કર, અંદર ઊતર, સામે ઊભેલો છે.

બીજી પંક્તિમાં રહેલી બોલચાલની ઉક્તિ અસરકારક છે. જે ભીતર છે એની જ શોધ બહાર કરનારાને સાક્ષાત્કારનો સુગમ માર્ગ બતાવ્યો છે. ભેદમાં અભેદ અને દ્વૈતમાં અદ્વૈતની ભાવના આ રીતે ઊપસી આવે છે :

રેખાઓમાં રહ્યો અડોઅડ બિંદુઓનો ફાળો,
મંઝિલ બીજું કંઈ નહીં બસ, પગલાંનો સરવાળો.

પરમાત્મા તરફની ગતિ એક એક પગલું કરીને જ થતી હોય છે. પ્રત્યેક પગલું સ્વતંત્રપણે કંઈ જ નથી. એ પગલાંનો સરવાળો મિલન તરફ દોરી જાય છે. જેમ રેખા એ અલગ અલગ બિંદુઓ જોડાઈને બને છે : પરંતુ રેખા બન્યા પછી બિંદુ અલગ રહેતાં નથી. એમ સાક્ષાત્કારની ક્ષણે પગલાં ભૂંસાઈ જાય છે, પરમ તત્ત્વ રહે છે. હમેશાં ભીતર રહેલાં તત્ત્વ પરથી દ્રષ્ટિ દૂર ન જાય એ માટે કવિ જાગ્રત છે :

મૃગજળ સમી આ દુનિયા, થોડો સમય ભૂલીને
ભીતરની ભોમકામાં મ્હાલી શકો તો ચાલો.

આ કવિ આ બધું કહે છે, એ સામે તેમની પાસે પ્રતીતિના બળની ઝલક છે. એક રચનાનો આરંભ જ તેઓ પ્રતીતિના ખમીરથી કરે છે :

નથી સિર્ફ વાતો આ કો'કે કહેલી,
અનુભવની લાલી છે મારી સહેલી.

આવી જ મસ્તી અને ખુમારી આ પંક્તિઓમાં પણ છલકે છે :

કો'કે પૂછયું કે કેમ છો ? એના જવાબમાં
દરિયો હું પ્રેમનો જુઓ છલકાવતો રહ્યો.

આ સમગ્ર રચનામાં મને એક રચના ખૂબ જ ગમી છે : આખી રચના ઉતારવાનું મન થાય પણ એની થોડીક પંક્તિઓ જ જોઈએ. ગુમાનની છોડીએ ત્યારે જ પરમતત્ત્વ સુધી પહોંચાય. આ ક્યારે છૂટે ? જ્યારે અનુભવાય કે –

આમ લાગીએ સંત ધરમના મરમ લગી પહોંચેલા,
આમ જુઓ તો છીએ મુસાફર થેલા લૈ નીકળેલા.
થવું ગમે ના ગુરુ કોઈના, થઈ શક્યા ના ચેલા,
કેમ માનીએ છેલ્લા તમને કેમ અમોને પહેલા ?


અને આ આખાય સંગ્રહનો સાર નિષ્કર્ષ આ જ કવિતાની પંક્તિમાં છે :

ભીતરમાં ભગવાન વસે તો બધા દાખલા સહેલા.

પૂજ્ય મુનિચન્દ્રવિજયજી 'બંધુત્રિપુટી'ની સર્જકતામાં યાત્રા કરવાની મને તક મળી એ માટે પ્રણામ સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. અને સાધકના અનુભવજગતના થોડાંક સૌંદર્યસ્થાનો પ્રત્યે અંગુલિનિર્દેશ કરી અહીં જ વિરમું છું.

□

*('હવાને હવાલે' કાવ્ય સંગ્રહની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના)*



ક્યારેક હૈયામાં આનંદની ભરતી આવે
ને ક્યારેક વેદનાથી હૈયું વીંધાઈ જાય
એટલે ક્યારેક કવિતા લખાઈ જાય.

જેનું દિલ ધબકતું હોય અને
દિલના એ ધબકારને
જે શબ્દોમાં ઊતારી શકે
એ જ કવિ કહેવાય.



# હવાને હવાલે

હવે નાવ છોડી હવાને હવાલે,
હવાની હો મરજી તો એને સમાલે.

અહીં માનવીનું ન કાંઈ જ ચાલે,
કુદરતની લીલા બધું યે સમાલે;
થાપે ઉથાપે પછાડે ને ઝાલે,
ન સમજાય પણ થાય એની કમાલે.
હવે મન સદા ખુશ રહે સર્વ હાલે... હવે નાવ.

હવાની હથેલીમાં બાંધી હવેલી,
રહું સર્વ ચિંતાઓ દૂર ધકેલી;
મળે સ્વપ્નમાં યે સુગંધી ચમેલી,
અને ખાલી પ્યાલી યે લાગે ભરેલી.
વસે વ્યોમમાં મન રહે ના દીવાલે... હવે નાવ.

હવા તો છે હાથો પ્રભુના જ જાણે,
ફેલાવી સહુને જીવાડે છે જાણે;
રહી સાચ સંગે, પ્રભુસંગ માણે,
ધરા પર ચરણ ને નજર આસમાને,
ખુશ કિસ્મતી છે ડૂબો રંગ પ્યાલે... હવે નાવ.

# બદલાયા કરે !


રાહ એના એ રહે,
ને રાહી બદલાયા કરે !
વૃક્ષ ડાળી એ જ કિન્તુ,
પર્ણ બદલાયા કરે !

એ જ નદીઓ, એ જ કાઠાં,
રોજ લાગે એક શા,
ખ્યાલ ના આવે એ રીતે,
પાણી બદલાયા કરે !

નામ એનું એ રહે,
ને કાળ ના રાખે શરમ;
બાળપણ યૌવન ને ઘડપણ,
રૂપ બદલાયા કરે !

એ જ તખ્તો, એ જ બેઠક,
એ જ છે ગીતો ભલે;
કાલના ગાયક ને શ્રોતા,
આજ બદલાયા કરે !

એ જ મુખ ને એ જ આંખો,
એ જ દિલ છે તે છતાં;
જે હતા ગઈ કાલ ભાવો,
આજ બદલાયા કરે !



# અમી નીતરે

જે ગંગા પ્રવાહો વહે ભીતરે,
કહો કેમ એને કલમ ચીતરે ?
ઝીલાય કેવી રીતે કેટલું ?
અહીં તો અનર્ગલ અમી નીતરે !

પીછો કરે ના કદી પાનખર,
અહીં તો વસંતો સદા પાંગરે;
ચૈતન્યના માનસરમાં અહીં
આનંદના રાજહંસો તરે !

રહે બન્ધ આંખો છતાં ઝળહળે,
ન દેખાય બાહર, મહીં વિસ્તરે;
ન ભેદો રહે દેશ કે કાળના,
બધું એક થઈને હવે તરવરે !

# જિંદગી બસ જોઈ લો !

રેલગાડીનો છે ડબ્બો જિંદગી બસ જોઈ લો !
જયાં મળે મુસાફરો થોડી ઘડી બસ જોઈ લો !

પ્રેમની એ દિવ્ય પળ તો પાંગરે ના પાંગરે,
ને અચાનક આ જુદા પડવાની પળ આવી ચડે;
બત્તીઓ આ લાલ ને લીલી થતી બસ જોઈ લો.
રેલગાડીનો.

જીવ, દુનિયાના બધા રસપાનનો ઉતાવળો,
સમય ને શકિત ખૂટે, સંજોગ નાંખે સાંકળો
રે અધૂરી આશ થાય રવાનગી બસ જોઈ લો.
રેલગાડીનો.

મોસમે આંબા ફળે ને બારે મહિના બાવળો,
થાય બસ થોડો અહીં આ આપણો મેળાવડો;
તેજ ને છાયાની સંતાકૂકડી બસ જોઈ લો
રેલગાડીનો.

રાતનો આ પંખી મેળો થાય વૃક્ષોને વિશે;
ને પ્રભાતે જાય ઉડી પોત પોતાની દિશે;
વાત છે જાહેર, કયાં છે ખાનગી, બસ જોઈ લો
રેલગાડીનો.




## જોયા

અત્તરના અકેક બુંદમાં;
ફૂલ શહીદ થયેલાં જોયાં.
નાનકડા અકકેક બીજમાં;
વડલા કૈંક સૂતેલા જોયાં.

નેહ નીતરતી નાની આંખે;
સુંદરતાના મેળા જોયાં.
કટુ વેણની એક જ ઠેસે;
દિલના કાચ તૂટેલા જોયાં;

કોક રંકના લુખ્ખા હાસ્યે;
આંસુ લાખ થીજેલાં જોયાં.
શંકાના કો' વિષ ઘૂંટમાં;
દીર્ઘ - પ્રેમ મરેલા જોયાં.

આશ તણા કો કાચા દોરે;
જીવતર કૈંક ઝૂકેલા જોયા.
આશ તજી અવધૂત થયેલા;
મસ્ત ફકીરો વિરલા જોયાં.



# ચાલતો રહ્યો !

આવ્યો હરાવવા છતાં એ હારતો રહ્યો;
કરતો રહ્યો કસોટી ને હું ફાવતો રહ્યો !

મારા જ આ ચહેરાની યાદ તાજી રાખવા;
દર્પણને કરી દોસ્ત હું હસાવતો રહ્યો !

ભીતર છુપાવી આશ હું હસતી સવારની;
દુર્ભાગ્યની નિશા મહીં યે ચાલતો રહ્યો !

કો'કે પૂછ્યું, કે ' કેમ છો ? ' એના જવાબમાં;
દરિયો હું પ્રેમનો જુઓ છલકાવતો રહ્યો !

ઊંઘમાં મેં જોયું સ્વપ્ન ઊંઘનું અને;
એમાં ય વળી સ્વપ્ન અજબ માણતો રહ્યો !

# મારી અંદર

સાત સમંદર ઉછળે જાણે મારી અંદર !
લાગે આખી દુનિયા જાણે મારી અંદર !


કો'ક દિવસ તો લાગે જાણે કયાંય નથી હું,
અને કો'ક દિ બધું જ લાગે મારી અંદર !

ધાગા જેવો છું, મણકાથી જુદો તો યે,
દરેક મણકો કહી રહ્યો 'તું મારી અંદર.' !

જોઈ રહ્યો છું હું મારાથી બહાર જઈને;
ચહલ પહલ જે ગુપચૂપ ચાલે મારી અંદર. !

ચાલ્યો જ્યાં અંધાર ભેદતો ઊંડે ને ઊંડે;
મળી તેજની કેડી મુજને મારી અંદર !

અગમ નિગમના દુર્ગમ રસ્તા ખૂંદ્યા કિન્તુ,
અંતે તો હું પામ્યો મુજને મારી અંદર; !!!





## ન આંસુ સાર તું...

દયા ના ખાવ કે એ સાવ જંગલમાં વસેલો છે;
નીરવના જામ પીવાની કળા શીખી ગયેલો છે.

કરે ના કેમ સૌને દાન કલરવ ને સુગંધીનું;
સદા યે એ ગુલો ને બુલબુલો સંગે વસેલો છે.

ન આંસુ સાર તું પરમાત્મના દિદારને માટે
નજરને બંધ કર, અંદર ઊતર, સામે ઊભેલો છે !

નનામા ભય અને ચિંતા વડે તેં ગૂંચવેલો છે.
નથી મુશ્કેલ તારા પ્રશ્નનો ઉકેલ સહેલો છે.

જુદા રસ્તે જ ચાલીને થતો ભેગો ત્રિભેટા પર;
સમજતા લોક મુજને, કાફલા સાથે રહેલો છે.

# બદલો ભલેને બદલો


બદલો ભલે ને બદલો
જીવનની રીત બદલો
બસ એક આરજુ છે,
આ દિલ તમે ન બદલો !

બદલો બધા ય તારો,
આખું ય સાજ બદલો;
કિન્તુ જે સ્નેહના છે
સૂરો કદી ન બદલો !

બદલી શકો તો બદલો
બદલાની વાત બદલો
જીરવીશ વેદનાને,
નહિ લઉં હવે હું બદલો !

બદલાયેલું બધું યે
બદલી જશે પલકમાં
અદલો અદલ આ આપે
કુદરત બધાંને બદલો !

બદલાય ભલે પ્યાલા
સંજોગના ઓ માનવ !
અસલી જે પ્રેમરસ છે,
એનો ન સ્વાદ બદલો !



# બાવન પત્તાંની વાત છે


જીવન બીજું કાંઈ નહીં, બાવન પત્તાંની વાત છે;
એક્કા દૂરી, ગુલામ બાદશાહ ભાગ્યતણી સોગાત છે;
બાવન પત્તાની ...

ચાહે ગુજારો રોઈ રોઈને, ચાહે નિભાવો હસીહસી;
સુખને ગોખો દુ:ખને ગોખો, બધું તમારે હાથ છે.
બાવન પત્તાની ...

કહો નહીં કે નબળાં પત્તાં મળ્યાં અમારે ભાગ્ય છે;
કળા શીખી લો રમવાની તો જીત તમારી સાથ છે.
બાવન પત્તાની ...

આમ જુઓ તો હાર-જીત એ જાણે શીત ને તાપ છે;
ખરું પૂછો તો બે ય જરૂરી, આ તો દિવસ ને રાત છે.
બાવન પત્તાની ...

સારું નરસું, મારું તારું, મનના સૌ ઉધ્માત છે;
રાખ થાય છે સૌની સરખી, વ્યર્થ બધી પંચાત છે.
બાવન પત્તાની ...



# વિશ્વવત્સલ હે વિભુ !

વિશ્વ વત્સલ હે વિભુ ! બસ એટલી છે પ્રાર્થના;
હૃદય - સરમાં રહે ખીલતાં પોયણાં કરુણા તણાં !

જિંદગી અર્પણ કરું તુજ પ્રેમની કફની ધરું;
દીન-હીન જનો તણાં કષ્ટો યથાશકિત હરું !
ગીત ગૂંજે જિંદગીના સાજ પરથી પ્રેમનાં !
વિશ્વ વત્સલ હે વિભુ... !

સર્વ દુઃખ હસતાં સહું તું આપ શકિત અજનબી;
દિલના મંદિરિયે સદા યે ઝળહળે તારી છબી !
તારાં વચનોનાં રહસ્યો પામવાની કામના !
વિશ્વ વત્સલ હે વિભુ... !

બોધિને વિવેકનો મુજ દીપ જલતો રાખજે !
મૃત્યુમાં દેજે સમાધિ, આત્મમસ્તી આપજે !
તુજ હૃદયમાં સ્થાન પામું ! એ જ છે અભ્યર્થના.
વિશ્વ વત્સલ હે વિભુ... !

# છલકાય અમરત !

છે અલગારી દ્રષ્ટિનું દર્શન અમારું,
ને સાચું પૂછો તો અમારી એ મિલકત,
ખજાના ને સામ્રાજ્ય કરતાં ય કીમતી,
આ ક્ષણ ક્ષણની પ્યાલીમાં છલકાય અમરત !

છે અમરત અનોખું, અનોખો છે આસવ !
તમારા ય દિલમાં છે છાનો છૂપાયો,
અગર છે તમન્ના એ જોવા તમારી,
જરા પ્રેમ-દરિયામાં ડૂબકી લગાવો !
દેખાશે ખુદમાં ખુદાઈ ને ખલકત !
આ ક્ષણ ક્ષણની પ્યાલીમાં છલકાય અમરત !

હતા સાવ અણજાણ ત્યારે અમોને,
હતો દિલમાં દરિયો છતાં ના જણાયો;
અડી કો'ક અલગારી આંખોનો મસ્તી,
પછી તો એ અનહદ ! ન ક્યાંયે સમાયો !
જડી સાચી ઈશ્કે-હકીકીની હિકમત !
આ ક્ષણ ક્ષણની પ્યાલીમાં છલકાય અમરત !

છે ખુશ્બૂનો વેપાર, હરદમ કમાણી,
લૂંટો, લૂંટાવો, નથી ક્યાંય હાનિ ન;
કહે ચાંદની ને કહે રાતરાણી,
તોડો ભરમ ને આ છોડો બુકાની,
નકામા અહીં હીરા મોતી ને મરકત,


# દિલના દીપ જલાઓ !


પ્રકાશનું આ પર્વ પનોતું, દિલના દીપ જલાઓ !
અંતરના અંતર ઓળંગી, એક થઈ સૌ ગાઓ !

સહુના સુખની કરી કામના, જગમંગલ સહુ ગાઓ !
કલહ અને કંકાસો ભૂલી, સૌને ગળે લગાઓ !
હોઠ ઉપર બે શબ્દો આજે 'સાલ મુબારક' લાઓ.
અંતરના.

ઊગે સુખનાં ગુલાબ અહીંયાં, દુઃખના કાંટા સાથે;
માગું છું બસ, પ્રભુ આપજે, પ્રસન્નતા સંગાથે !
સત્ય અને સંતોષની જગમાં નવી ઉષા પ્રગટાવો !
અંતરના.

અશ્રુ લૂછો રંકતણાં જ્યાં ટંક ટંકના સાંસા;
જેનું કોઈ નથી દુનિયામાં, આપો જઈ દિલાસા;
રુંધાયેલા કંઠોમાંથી ગાન નવાં રેલાવો !
અંતરના.





## કર તું દરગુજર મને !

જે કૈં થયા ગુનાઓ મને કે વગર મને;
થઈ જાઉં ધન્ય માફ કરી દે અગર મને !
મુરઝાઈ જશે મારી સુધરવાની શકયતા;
કરી શકે તો કર હજુ તું દરગુજર મને !
જે કાંઈ થયા ...

આવેશના હાથે કર્યું સમતાનું ખૂન મેં;
તને નહીં, મૂકી દીધો અંગાર પર મને !
વર્ષો પછી જ્યાં નીસર્યો તુજને ખમાવવા;
સામેથી થયું તારું મિલન દ્વાર પર મને !
જે કાંઈ થયા ...

ક્ષમા ને મિત્રતાથી ભરી દિલને છલોછલ;
હું તને કરું ને કર તું તરબતર મને !
હળવાશની હવા હવે હળુ હળુ વહે;
સુણાવ ગીત સ્નેહની સિતાર પર મને !
જે કાંઈ થયા ...

# છે પર્યુષણા આત્માની વંસત


છે પર્યુષણા આતમાની વસંત
અહીં પ્રેમ જલનાં ઝરણ જોઈએ;
ક્ષમા નમ્રતા ધૈર્ય ઔદાર્યથી,
વિરોધો તણા બસ શમન જોઈએ. --છે પર્યુષણા

અનેકાન્ત દર્શન છે મહાવીરનું,
બધાંને સમાવે છે આકાશ સમ,
ન વાદળને પકડી ઝઘડીએ હવે;
ચલો ગાઈએ કે 'ગગન જોઈએ' --છે પર્યુષણા

સ્યાદ્વાદના સપ્તરંગો રચો,
ઈન્દ્રધનુ મનના આકાશમાં,
આરાધવા છે જો પર્યુષણા,
સમભાવનું આચમન જોઈએ. --છે પર્યુષણા

અશાંતિ વધે વાદવિવાદથી
અને ભેદના યે પડે ભેદ અહીં;
બધી ગૂંચ ઉકેલ નહિ શાસ્ત્રથી,
અનુભવનું સ્થિરીકરણ જોઈએ. --છે પર્યુષણા

અરિહન્ત ને સિદ્ધના ધ્યાનથી,
બને શાન્ત રસમાં જ તરબોળ મન;
ટૂંકી જિંદગીનો તો પ્રત્યેક દિન,
ઊજવવો આ તહેવાર સમ જોઈએ ! --છે પર્યુષણા



## આ જાય સમય !

આ જાય સમય ! ઓ જાય સમય !
ના પલભર એ રોકાય સમય;
પકડું પકડું થાય મને ને હાથતાળી દઈ જાય સમય !

- આ જાય સમય...

સ્પર્ધક થૈ મારા મનનો, ન જરી વિસામો ખાય સમય,
હું સાધું રાધાવેધ અગર, એ કીકીમાં રોકાય સમય,
હું તીર તાકવા બેસું ને એ ક્ષણમાં છટકી જાય સમય !


- આ જાય સમય...

મંદ મંદ સળગે છે ભીતર, કોની યાદોનાં ચંદનવન ?
અગન દઈને જાય સુંગધી મિલન તણો અહેસાસ સઘન !
ઘેરાતાં આંખોમાં શમણાં, સૂરમો થૈ અંજાય સમય !

- આ જાય સમય...

ઈચ્છાઓના સર્પ ડસે, ને ડંખાતું મન દોટ મૂકે,
એના સ્પર્શ થકી જ સમય, લાગે અવિરત દોટ મૂકે;
મનની સાથે જાય સમય, મન જીતે તો જિતાય સમય

- આ જાય સમય...



# વધો આગળ

નજરમાં આસમાની કેફ છલકાવી વધો આગળ !
ફૂટી છે પ્રાણને પાંખો, એ ફફડાવી વધો આગળ !

અગર હો અશ્વ પાંખાળા, તમારી કલ્પના કેરા;
ઊડો ઊંચે, વધુ ઊંચે, ગગનમાં ક્યાં કોઈ પહેરા ?
દિશાઓ શક્યતાઓની જ ઉઘડાવી વધો આગળ !
- નજરમાં.

નથી સારો નથી બૂરો, સમય તો સંગેમરમર છે,
હવે કૈં શિલ્પ કંડારો, બધું સૌંદર્ય અંદર છે;
આ પથ્થરથી પ્રગટતાં ગીત સંભળાવી વધો આગળ !
- નજરમાં

તમારા બંધ નેત્રોમાં જગત આખું ય મલકાશે,
અને 'આનંદ' ની વેણુના નવલા નાદ પડઘાશે;
સૂરોની ચોતરફ સુરભિને પ્રસરાવી વધો આગળ !
- નજરમાં

# કેમ રહેવાય કહો છાનાં ?

ભીતરના તાર સ્વયં રણઝણતા થાય
હવે કેમ રહેવાય કહો છાનાં ?
ગુંજન ના હોય અને સૂરો સંભળાય
હવે કેમ રહેવાય કહો છાનાં ?

દુ:ખમાં યે મુરઝાવા દીધી ના લીલપ
કે, ચહેરાઓ સ્મિત વડે દોર્યા,
જલી જલી મેળવી છે જાહોજલાલી અને
પાનખરોમાંય સદા મ્હોર્યા !
ભડભડતા દરિયા તરી નૌકા હરખાય
હવે કેમ રહેવાય કહો છાનાં ?

લાગણીઓ લોહી મહીં ઘૂંટી ઘૂંટીને પછી,
ઉરના ઓરસિયે લસોટી,
કેમ રે કે' વાય બધી અંદરુની વાત
થાય શબ્દોની કારમી કસોટી,
આંખોમાં નવી એક આશા છલકાય
હવે કેમ રહેવાય કહો છાનાં ?

ભેદી બિહામણાં સાચના તે રૂપ અમે
પેસી પાતાળ લીધાં શોધી,
કીધાં ન કોઈ દિ' જે દોષ કિનખાબી અમે,
થઈ બહુરૂપી લીધાં ઓઢી !
બિડેલાં લોચનોથી સઘળું દેખાય
હવે કેમ રહેવાય કહો છાનાં ?



# કવિતા... કવિતા...

આ કુદરતની કિતાબમાં છે, સુંદર અપરંપાર કવિતા,
મૃદુ પાંખડી ગુલાબની ને શબનમનો શૃંગાર કવિતા.

આંબે આવે મોર અને આ કોયલનો ટહુકાર કવિતા.
ભરતી ઓટે ગાયે સાગર હરદમ જીવન સાર કવિતા.

તપ્ત હૃદયને ભીનું કરવા થઈ જાયે મલ્હાર કવિતા.
કરે કબૂતર ઘૂ...ઘૂ...ઘૂ થી બપોરનો વિસ્તાર કવિતા.

વાદળ કજ્જલ શ્યામ થયાં ને, મોર તણો કલશોર કવિતા.
સૂરજ દે છે છેલ્લું ચુંબન એ ક્ષિતિજની ધાર કવિતા.

કહે છે મનનો ભાર તજી દો બાળકના પલકાર કવિતા.
હૃદય બને જો નિર્મલ કોમલ, તો થાયે ધબકાર કવિતા.

# મિજલસની વાત છે !

એ ચાંદની, એ રાત, એ મિજલસની વાત છે !

તિથલતણા દરિયાવની મંજુલ લહર ઉપર,
ચન્દ્ર રશ્મિઓના રેશમી એ તાર પર,
સરૂના વૃક્ષની એ નકશીદાર છત ઉપર,
શ્યામલ ને સ્વચ્છ રેતના વિશાલ તટ ઉપર,
જાણે કે દિવ્યતત્ત્વ કો' ચોમેર વ્યાપ્ત છે !
એ ચાંદની એ રાત...

સંદેશ લાવે અજનબી સવારી હવાની,
સૌના હૃદયમાં વાહવાહ થાય હવાની,
'તું અંબે, તું જ ખોડિયાર, તું જ ભવાની !'
જ્યાં ગમતી નથી વાત પછી પાછા જવાની,
આ નેનમાં નશીલી ખુશીની બરાત છે !
એ ચાંદની એ રાત...

ખાબોચિયા વિચારના દરિયામાં ઠાલવ્યા,
'હું' ના હવનથી સ્વાર્થતણા ભૂત ભગાવ્યા.
નિજના અભંગ રંગની હોળીએ રંગાયા,
બહારથી ખાલી થયા ભીતરથી ભરાયા,
ભીતર હજાર સૂરજ, બહાર છો રાત છે
એ ચાંદની એ રાત...

# નિરાકરણ નથી !


પૂછો ન એને કેમ ફળનું આભરણ નથી;
આળસના શુષ્ક ઝાડમાં રસનું ઝરણ નથી.

આવીને વાત હોઠ પર થંભી ગઈ ત્વરિત;
કારણ ન પૂછ હે સખે ! નિરાકરણ નથી !

લઈને પ્યાસ વણછીપી રઝળ્યો છું રણમહીં;
રહ્યું ન યાદ એટલું કે 'હું હરણ નથી.'

હૈયે ધરીને હામ બસ, ભરતો રહે કદમ;
માનીશ ના કે જોમ ભરેલા ચરણ નથી.

છેડી શકે તો છેડજે જીવનના સાજ પર;
એક બસ એવી ગઝલ જેનું મરણ નથી !





## અગમનો એ મારગ

નથી સિર્ફ વાતો આ કો'ક કહેલી,
અનુભવની લાલી છે મારી સહેલી;
મેં અણજાણ પથની સફર આદરેલી,
અગમનો એ મારગ ને પગલી પહેલી;

આગળ જવાના કો' પરવાના જેવી,
હતી ત્યાં શીલા સરહદે કોતરેલી;
દુનિયાથી ઊલટી જ શરતો મૂકેલી,
ભૂલો નકલી 'હું' ની આ માયા રચેલી.


ગયો ઊંડે ઊંડે શરતને કબૂલી,
ત્યાં દેખાઈ આનંદની એક ડેલી;
વરસતી સતત પ્રેમની શુદ્ધધારા
ને ખુદમાં ખલકની છબી અવતરેલી !

વિચારું મનોમન હું દિગ્મૂઢ થાતો,
'હશે સર્વ લીલા આ કોની કરેલી ?'
આવીને ગુપચુપ કહે કો'ક કાને,
સમજશે સ્વયં લૈલે લિજ્જત મળેલી.

પામે બધું, જે બધું મેલી ચાલે,
જુએ અવનવું જેની આંખો મીંચેલી;
ખુલ્લી આંખ માટે છે અડચણ ઊભેલી,
ડૂબો બન્ધ આંખે વિચારોને ઠેલી.

આગળને આગળ વધો તો મળે છે,
ક્ષિતિજો નવી ને નવી વિસ્તરેલી;
ક્ષિતિજે ક્ષિતિજે નવો રંગવૈભવ,
પીઓ પી શકો તો છે પ્યાલી ભરેલી.

□



# ઘેરી રાતે

નીકળે છે ઠાઠ સાથે આકાશ ઘેરી રાતે;
ખોલે છે નિજ ખજાનો, આકાશ ઘેરી રાતે.

એ લાખ લાખ આંખે વાતો કરે છે રાતે;
ચૂપચાપ નિહાળે છે ધરતીને ઘેરી રાતે.

જો, આંખમિંચોલીમાં જાણે કહી રહ્યું છે;
બસ શાંત ખુમારીમાં ડૂબો આ ઘેરી રાતે.

છે બાજુબંધ વીંટી નક્ષત્ર ને ગ્રહોનાં;
ને મુગટ ચન્દ્રમાનો ધારણ કરે છે રાતે.

જ્યાં ડોકિયું કરે છે દરિયાના આયનામાં;
ખુદ પર પડે છે મોહી, આકાશ ઘેરી રાતે.

જો, આંખમિંચોલીમાં જાણે કહી રહ્યું છે;
બસ શાંત ખુમારીમાં ડૂબો આ ઘેરી રાતે

# વરસાદી મોસમ

ફરી આજ આવી પલળવાની મોસમ,
ફરી યાદ આવી તડપવાની મોસમ,
ફરી તપ્ત ધરતીને તરબોળ કરવા,
ફરીથી પધારી આ વરસાદી મોસમ.

તજી બારણાંઓ જરા બહાર નીકળો,
રસમ સર્વ જૂઠી તજી યાર નીકળો,
મળી મન મૂકીને રઝળવાની મોસમ
- ફરી આજ આવી ...

નથી કોઈને કંઈ કહેવાની મોસમ,
નથી કોઈનું કંઈ સહેવાની મોસમ;
ઝરણ જેમ બસ વહી નીકળવાની મોસમ
- ફરી આજ આવી ...

કરિશ્મા છે કુદરતનો કેવો અજાયબ,
અચાનક એ આવે, અચાનક એ ગાયબ ;
આ મોસમ છે મળવા ઉછળવાની મોસમ
- ફરી આજ આવી ...

વિરહનો ડસે છે હવે નાગ કાળો,
અહિં બાર વર્ષા ને ભીતર ઉનાળો,
તમારા વિનાની સળગવાની મોસમ
- ફરી આજ આવી ...

થઈ બેફિકર યાદ એને જ કર તું,
એ સંકેત દેશે જરા ધીર ધર તું ;
હૃદયથી હૃદયને વળગવાની મોસમ,
- ફરી આજ આવી ...

# બંસીની બારાત નીકળી !


વાત વાતમાં નીકળી, સાચી સાચે સાચ નીકળી ;
કોઈ ભલે સમજે ના સમજે, મનગમતી મિરાત નીકળી,

રાધા ધારા થૈને વરસી, ઉરમાં લૈ ઘનશ્યામ નીકળી
પૂછ નહીં કે કેમ અચાનક, વૃદાંવનથી આમ નીકળી
કો'ક જનમની હશે વાવણી, આજ થઈ મોલાત નીકળી
- વાત વાતમાં.

ચહેરા પર લજ્જાનો ઘૂંઘટ, આંખોમાં એક સ્વપ્ન ઉઘડતું,
રાધા થૈ ને શુધ્ધ આરસી, કૃષ્ણ તણું પ્રતિબિંબ પ્રગટતું ;
વાત વાતમાં વાત વધી ને વાતમાં આખી રાત નીકળી.
- વાત વાતમાં.

રાધા-મન જાણે વૃંદાવન, જાગે સંવેદન લીલાંછમ,
ચરે વિચારો કેરાં ગોધણ, મુરલિધર છે ચિદ્‌ઘન ચેતન,
રાધાની થૈ દિવ્ય ચેતના, લઈ સ્નેહ સોગાત નીકળી
- વાત વાતમાં.

અર્ધીપર્ધી આંખ મિંચાઈ, અર્ધીપર્ધી રહી જાગતી,
અનુભૂતિની ઉષા ઊગી, જુગ જુગના અંધાર દારતી,
'આનંદ' શ્યામની ફૂંક ઝંખતી, બંસીની બારાત નીકળી,
- વાત વાતમાં.



# અધૂરા

હાસ્ય અધૂરાં, રુદન અધૂરા,
સુખ દુઃખના સંગ્રામ અધૂરાં
કેમ કરીને તૃપ્ત થશું ભાઈ
પીવાતા તે જામ અધૂરા...

કોણ અહીં છે પૂરેપૂરા,
તમે અમે ને સર્વ અધૂરાં
જ્ઞાની છો, પણ ગર્વ કરો ના,
છલકાતા તે ઠામ અધુરાં...

કરી કરીને થાકો તો યે
રોજ રહે ઘર કામ અધુરાં
કહો ભલે ઠરીઠામ થયા પણ છે
અન્તે વિશ્રામ અધુરાં...

વિદાયના લઈને પડછાયા મળે
મિલન શું કામ અધુરાં ?
આસ્વાદો સત્વર જીવનરસ
પળપળ ગળતા જામ અધુરાં...

# ખૂબ ખૂબસૂરત

ખૂબ ખૂબસૂરત આ અણમોલી જિંદગી,
વ્યર્થ વહી જાય એનું કાંઈ નહીં ?
વસ્તુ ખોવાય એની થાય અહીં વેદના,
ને વર્ષો ખોવાય એનું કાંઈ નહીં ?
ખૂબ ખૂબસૂરત આ અણમાલી...

ઉચ્છ્વાસે ઉચ્છ્વાસે આયુનું સૂકાતું
સરવરિયું થાય સાવ ખાલી,
વર્ષો પર વર્ષો તો જાય અહીં વીતી,
ને ઈચ્છાનું ખપ્પર રહે ખાલી;
આશાના દોર પર જીવનભર નાચીને,
ક્ષણમાં પછડાય એનું કાંઈ નહીં ?
ખૂબ ખૂબસૂરત આ અણમોલી...

અશ્વ જેમ દોડીને હાંફે છે માનવી,
પહેલો ક્રમ લેવાની રેસમાં;
લોહી લુહાણ થાય તોય માને છે સુખ,
રૂપિયા ભરેલ સૂટકેસમાં;
સોનાની લાહ્ય મહીં શાંતિના શ્વાસ
બધાં,ગીરવે મૂકાય એનું કાંઈ નહીં ?
ખૂબ ખૂબસૂરત આ અણમોલી...




## ખબર ક્યાં છે ?

હજી છે નાવ મઝધારે, કિનારાની ખબર ક્યાં છે ?
ન પૂછો મંઝિલો માટે ઉતારાની ખબર ક્યાં છે ?
હજી છે નાવ મઝધાર ...

તમે છેડી બતાવી છે તમારા સ્નેહની સરગમ;
અમોને લાગણીભીના નઝારાની ખબર ક્યાં છે ?
હજી છે નાવ મઝધાર ...

રહસ્યોના છૂપાયેલાં રહ્યો હું મૂળિયાં શોધી;
મને મારી ભીતર ઊગ્યા સિતારાની ખબર ક્યાં છે ?
હજી છે નાવ મઝધાર ...

લગોલગ આવીને ઊભા છતાં ના ઓળખ્યાં તમને;
અમોને પણ અમારા થઈ જનારાની ખબર ક્યાં છે ?
હજી છે નાવ મઝધાર ...



## નીકળ્યો છું

મુસાફર સદાનો બની નીકળ્યો છું;
સતત ખળખળી ઝળહળી નીકળ્યો છું,

પડે રાહ પર બસ કદમ શહેનશાહી;
બધી તાબેદારી તજી નીકળ્યો છું.

રહે ચાલતી મહેફિલો અંદરની ;
નશો હું ખુદાઈ લઈ નીકળ્યો છું.

તજી ને નકાબોની દુનિયાના નાતા ;
અસલિયતને આ આશ્લેષ દઈ નીકળ્યો છું.

બને કેમ ના જિંદગી સીધીસાદી ?
પ્રપંચોની ત્યાગી બદી નીકળ્યો છું.

બજે રોમરોમની શી અનહદની બંસી;
હું 'આનંદ' રૂપે વહી નીકળ્યો છું.

# ભાઈ આપણે

જીવનની આ શેતરંજ પર પડદે ઊભા
પ્યાદાં જેવા ભાઈ આપણે;
ઠેરઠેર ભજવાતા જાણે વિના મૂલ્યના
છીએ તમાશા ભાઈ આપણે ...

કે'વાયે ના, સે'વાયે ના, એવી ઉલઝન
મહીં ખૂંપેલા ભાઈ આપણે ;
છીએ ધૂંધળા મૂંગામંતર ચિત્રો જાણે
કેનવાસ પર ભાઈ આપણે ...

દૂર વસેલા પ્રિયજનોની ભીની યાદો
મહીં સળગતા ભાઈ આપણે;
બેબસ ઈન્સાનોનાં મૂંગાં ક્રંદન જોઈ
દ્રવી રહેલા ભાઈ આપણે ...

નોખા તાર સિતાર તણા પણ એક સૂરમાં
બજી રહેલા ભાઈ આપણે;
ઝેરી ઝેરી તૃષ્ણા કેરી કો' સાપણે
ખૂબ ડસાણા ભાઈ આપણે ...

ઘેરી ઘેરી ભ્રમણા કેરી મરીચિકામાં
ખૂબ ફસાણા ભાઈ આપણે;
લીલા લીલા દુઃખના ચારેકોર ઊગેલા
થોર વચાળે ભાઈ આપણે ...
છીએ છતાંયે ખીલતાં પારિજાત
આગના દરિયા વચ્ચે ભાઈ આપણે !!!

# યુગોથી અકળ છું


ન હારું ન જીતું, સદાયે સફળ છું;
ભલે પંકમાં છું, પરંતુ કમળ છું.

વહાવું હૃદયથી ઝરણ પ્રેમનું ને;
ડગું ના તૂફાને હું પર્વત અચળ છું.

કરું ગુફતગુ છિન્ન-વિછિન્ન થૈને;
પ્રતિપળ હું ખંડિત, પ્રતિપળ સફળ છું.

ભલા કેમ ગભરાઉં મઝધારથી હું;
હવે નાવ હું છું અને હુંજ જળ છું.

ખૂલું તો ખૂલી જાઉં બસ એક પળમાં;
નહીં તો યુગોના યુગો હું અકળ છું.





## શમણાં ફળે છે

સમજ ના પડે એમ શમણાં ફળે છે;
હવે તો રઝડતાં ય રસ્તા જડે છે !

તરસ માણવાની તરસ છે અનોખી;
તળાવે રહીને ય કંઠો બળે છે.

અગમ વ્યોમ મારગ અનુભૂતિઓનાં;
અહીં એમનાં ક્યાંચ પગલાં જડે છે ?

હતી ભૂલ પળની, સજા થૈ સદીને;
વ્યથામાં હજુ એ જુઓ ટળવળે છે.

બધાં ગર્વ ગાળી જરા ઓગળું ત્યાં;
સહજના કિનારા સહજમાં મળે છે.

# હસતો રહું છું

જીવન ચાર દિવસનો મેળો,
હસતો ને હું ખીલતો રહું છું;
અધિક મળે કે અલ્પ મળે ફળ,
યત્ન સતત હું કરતો રહું છું.

ફટાકિયા સૌ રંગો જીવનના,
સુખ ને દુ:ખ છે તેજ ને છાયા;
દ્રષ્ટાભાવે સર્વ તમાશા,
મારા પણ હું જોતો રહું છું.

કુદરતના કાનૂન અજબ છે,
કળી શકાયે પૂર્ણ કેમ એ?
ન્યાયી ને નિષ્પક્ષ હશે એ,
એ વિશ્વાસે વહેતો રહું છું.

એથી હવે આ મનમાં મારા,
કોઈ વિષે ના કાંઈ શિકાયત;
સામે જે આવે તેમાં હું,
મારું તકદીર જોતો રહું છું.

ભેદભાવના ગઢ ભેદીને,
દિલના બાગ ખીલવતો રહું છું;
કરી આપ લે સ્નેહ-સુધાની,
સાથ સહુની હસતો રહું છું.

## ઘેઘુર વન છે

ઘેઘુર વન છે, મદીલો પવન છે;
જાગે તરસ ત્યાં જ વહેતું ઝરણ છે.

અટકે જરી, ને ફરી દોટ મૂકે;
જો, કેવાં નિર્દોષ, ગભરુ હરણ છે.

કબ્જે કરે દિલ, અનાયાસ કોઈ;
કોનું મધુરું અહીં સાંભરણ છે.


સંધ્યા ખીલી ને, રૂપાળું ગગન છે;
કેવું નશીલું આ વાતાવરણ છે.

નમ્યા વિણ થતું બસ અનોખું નમન છે;
કુદરતમાં ઈશ્વરનું એકીકરણ છે.

❖

## પ્રેમ-વર્ષા

પૂછ ના કે કેમ વર્ષા પ્રેમની આ થાય છે ;
પ્રેમ કારણ શોધવાને ક્યાં કદી રોકાય છે ?
જ્યાં એ મદહોશી ભરી કાલી ઘટા ઘેરાય છે ;
મોરનો કલશોર ચારેકોરથી સંભળાય છે !



# ખૂંદી વળજે

ખૂંદી વળજે ખ્વાબનો દરિયો, મોતી છે મઝધાર ખલાસી;
મનના મધદરિયે માણી લે, સુંદર અપરંપાર ખલાસી.

આફતના એંધાણ છતાં યે,ગાઈ શકે તો ભિમ્પલાસ ગા;
હોય ભૅંવર બે-ચાર તો ય શું ? લે હિંમત પતવાર ખલાસી.

પાછળથી રહી જાશે ધોખો, જા જલદી ને તાર ખલાસી;
લાગે છે કો'ક ડૂબે છે, જો સાંભળ ચીત્કાર ખલાસી.

ખુલ્લી આંખ તો વાતે વળગી, શંખ-છીપલાં સાથ ખલાસી;
બંધ આંખની ડૂબકી પામી, મોતીનો ઈઝહાર ખલાસી.

ઈશ્વર નામ ધરાવે મોટા, પતિત પાવન કરુણાસાગર;
મુજ સરિખા પથ્થર જો તારે, તો સાચો કિરતાર ખલાસી

# ચાલી શકો તો ચાલો


પ્રલોભનોને પાછાં, વાળી શકો તો ચાલો,
અસીમની સફરમાં, ચાલી શકો તો ચાલો.


રમે છે રાસલીલા, સૌંદર્ય જ્યાં નિરંતર,
એ દિવ્ય મહેફિલોમાં, ચાલી શકો તો ચાલો.

જો જો ન થાય મોડું, મનની રહે ન મનમાં;
હળવા થઈ હવામાં, મ્હાલી શકો તો ચાલો.

વાંકી ચૂંકી નથી કૈં અહીંની ગલીકૂંચીઓ;
હિંમતનો સાથ લૈને, ચાલી શકો તો ચાલો.

મૃગજળસમી આ દુનિયા, થોડો સમય ભૂલીને;
ભીતરની ભોમકામાં, મ્હાલી શકો તો ચાલો.





# ચહું છું

ભલે આગ વરસે, ન ખસવા ચહું છું;
હું ગુલમો'ર જેમ જ, વિકસવા ચહું છું.

ભલે ને કસોટી થઇ જાય પૂરી;
શિખર સિદ્ધિઓના, ફરસવા ચહું છું.

નકામા બનેલા મુકામો તજીને;
કો' ઉન્નત મુકામે, હું ધસવા ચહું છું.

ઉકેલાય ખાબોચિયાની સમસ્યા;
બધે પ્રેમ સાગર વરસવા ચહું છું.

નકામા જનો ના કરે કોઈ પીછો;
બની મામુલી સાવ, ખસવા ચહું છું.

ન જાગે ગરવ કોઈ મોટાઈ કેરો;
કરી ભૂલ ખુદ પર, હું હસવા ચહું છું.

ઘણાના હૃદયમાં, વસે છે પ્રભુ પણ;
પ્રભુના હૃદયમાં, હું વસવા ચહું છું.

## નાવ પણ છું હું

નથી ઈન્કાર આસક્તિ કલુષિત ભાવ પણ છું હું;
કરે સ્વર્ણિમ કલુષિતને, એ દૈવીભાવ પણ છું હું.

ડરું શું કામ છે શ્રદ્ધા, હવે વધતા મુકદ્દર પર;
ભલે છે ઓટ, કાલે ભરતીનો ફેલાવ પણ છું હું.

અરે તૂફાન, તારી લાજ ખાતર લાંગરી હોડી;
નહીં તો ભર તૂફાને જીતનો શિરપાવ પણ છું હું.


ભલે હું ડૂબતો દેખાઉં, તમને આજ અય મિત્રો !
બાકી કૈંકને તારી શકું, એ નાવ પણ છું હું.

મળે જ્યાં પ્રેમ નિર્મલ ત્યાં, હું હરદમ હારતો જાઉં;
છતાં યે છેવટે દિલ જીતનારો, દાવ પણ છું હું.

❖

## ક્ષમા જલ

શબ્દ-બાણ છોડી કોઈ કરે જો ઘાયલ,
સામો પ્રહાર કરવા તું કર નહીં ઉતાવળ;
થાયે હજાર ટૂકડા, લોહી લૂહાણ દિલના,
તો યે સહસ્ત્ર ધારે રેલાવજે ક્ષમાજલ !



## કેવું મજાનું બાળપણ !

રસ્તે જતાં નજરે ચડયું, કો' મુગ્ધ ને ભોળું શિશુ;
જે બોલતું 'તું એકલું, ને ખેલતું 'તું એકલું...

ભાવિ તણી ચિંતા ન એને, ભૂત પણ ભૂલી ગયું 'તું,
વહી રહેલી ક્ષણ થકી, ઝરતું મધુ બસ લૂંટતું 'તું;


એક પળ ઊભો રહી, જોઈ રહ્યો હું સ્નેહથી,
ને એ ય પણ વળગી પડયું, મુજને અજાણી પ્રીતથી.

થપથપાવી ગાલ કોમલ, સ્મિત દઈ આગળ વધ્યો,
ને એય ઊંચા હસ્તથી ત્યાં, કહી રહ્યું કે 'આવજો';

ભોળપણની એ છબી, દોરી ગઈ ભૂતકાળમાં,
ઊતરી ગયો બચપણ તણી, હું છેક ઊંડી ખીણમાં;

સ્મૃતિઓ તણાં કંઈ પોપડા, ખરતાં જ મન ત્યાં સત્વરે;
બોલી રહ્યું. - 'નિર્દોષ જીવન ખોઈ કાં બેઠું અરે !'

કેવું મજાનું બાળપણ, કેવું નિખાલસ ભોળપણ;
લાવ શોધી લઉં ફરી, વેરી દઈ આ શાણપણ.



## કૃષ્ણ જાગો કો'ક

જ્યાં જુઓ ત્યાં આગ, અંધાધૂંધ ચપ્પુને છૂરી;
કૃષ્ણ જાગો કો'ક, ફૂંકો શંખ યા તો બાંસૂરી.

કાળ કે આ કાળજાં ઝેરી થયાં માનવ તણાં;
શું સૂકાયાં વ્હેણ સઘળાં ભીતરી કારુણ્યનાં ?
વૃત્તિઓ વંટોળ થઈને વિસ્તરે છે આસુરી...
કૃષ્ણ જાગો કો'ક ફૂંકો...

જો પણે મૃગ-શિલ્પ પણ, કેવું જુએ કૌતુક ભરી,
માનવી માનવને હણવામાં બતાવે બહાદૂરી;
દુશ્મનાવટ, સ્વાર્થ ને ઈર્ષ્યાભરી નજરો બૂરી.
કૃષ્ણ જાગો કો'ક ફૂંકો...

ચાલતા રે' નાચ ખુલ્લા ખંજરોના બેરહમ,
ક્યાંય ના શાંતિ, છે સન્નાટા, દહેશત હરકદમ;
જાન લે નિર્દોષ છૂટવા, કેવી કેવી ચાતુરી.
કૃષ્ણ જાગો કો'ક ફૂંકો...

# આયનો જો હું થાઉં


કહે આ હૃદય, આયનો જો હું થાઉં,
ન આંજું કોઈને, ન હું યે અંજાઉં;

સમજે સહુ પોત પોતાની રીતે,
નથી કાંઈ હાનિ મને કોઈ રીતે;
હું સમભાવથી પ્રીતના ગીત ગાઉં...
ન આંજું કોઈને...

જે હોય જેવો હું થઈ જાઉં તેવો,
છતાં ભીતરે શુદ્ધ એવો ને એવો;
ન બાંધું કોઈને, ન હું બંધાઉં...
ન આંજું કોઈને...

જ્ઞાતા બને મન અને દિલ હો નિર્મલ,
બદલાય છો ને બધાં રૂપ પલપલ;
હું જેવો છું તેવો સદા જગમગાઉં...
ન આંજું કોઈને...

દિલમાં વસાવ્યો પ્રભુનો ચહેરો,
નડે ના વિકાસે હવે કોઈ પહેરો;
સદા બીન 'આનંદની રણઝણાઉં'...
ન આંજું કોઈને...



## એકાન્તે પણ મેળા

આમ જુઓ તો એકલદોકલ, આમ જુઓ તો મેળા;
આમ લાગીએ આગળપાછળ, આમ જુઓ તો ભેળા.

આમ લાગીએ સંત ધરમના, મરમ લગી પહોંચેલા;
આમ જુઓ તો છીએ મુસાફર થેલા લૈ નીકળેલા.

થવું ગમે ના ગુરુ કોઈના, થઈ શકયા ના ચેલા;
કેમ માનીયે છેલ્લા તમને, કેમ અમોને પહેલા ?

ભીતરમાં ભગવાન વસે તો, બધા દાખલા સહેલા;
નથી કોઈની મોનોપોલી, જે પહોંચે તે પહેલાં.

ભલે લાગીએ જંગલમાં પણ છીએ અલખ અલબેલા;
અનુભૂતિના રંગ કસૂંબલ, એકાન્તે પણ મેળા

## થઈ જા સવાર તું

પુરુષાર્થના આ અશ્વ પર થઈ જા સવાર તું !
નસીબ પર ન રાખ હવે કંઈ ઉધાર તું !

એ આવશે નહિ છતાં ખેલી જુગાર તું !
બસ, પ્રેમથી પુકાર હજી એકવાર તું !

તારા નયનના દામની મૂકીતો જો રકમ;
પછી કહે ગરીબ છે કે માલદાર તું ?

અભદેથી નિહાળ ચડી આસમાન પર
બંદો ય તું જ છે ને પરવરદિગાર તું !

❖

## શ્રાવણ જેવું વરસી જઈએ !

ચડીએ આજ અજાણી વાટે, છોને ભૂલાં પડીએ !
સાવ સમૂળાં ખોવાઈને, એકબીજાને જડીએ !

આગળ મૃગજળ, પાછળ જળ છે, આગળ-પાછળ પડીએ,
જળ-છળ ની કંઈ વાત નહિ ને, અહીં તહીં આથડીએ.
વાદળને સંદેશ લખીને, વેરાનોમાં રડીએ.

- ચડીએ...

નાનું એવું નિર્ઝર થઈને, ડુંગરથી દડદડીએ,
કોઈ તૃષાતુરના ખોબાને, સાવ અચાનક જડીએ,
શ્રાવણ જેવું વરસી જઈએ, મંગલમય ચોઘડિયે.

-ચડીએ...

## આ ક્ષણે !

છટકીને તીર જેમ તું પકડી લે આ ક્ષણે !
તક તરફડે છે, બાથમાં ઝકડી લે આ ક્ષણે.

અંધારના એક વનમાં તું ભૂલો પડેલ છે;
બતલાવે વીજ રાહ તો પકડી લે આ ક્ષણે.

ધુમ્મસ ઉદાસીઓનું વિખેરાય, જાય પણ ;
ખુશીઓની ખૂલ્લી ધૂપમાં રખડી લે આ ક્ષણે.

એની છે ભૂલ કૈંક તો તારી ય કૈંક છે ;
'આનંદ' તારી સાથ તું ઝઘડી લે આ ક્ષણે.

❖

## હરદમ

ખ્ગયો હું તાગવા ગહેરાઈ આતમના અરીસાની ;
મને મારો જ આ ચહેરો વધુ નડતો રહ્યો હરદમ.

મને મારી રૂપાળી ભૂલ કોઈક યાદ આવી ગૈ ;
સર્યાં બે બુંદ આંસુના ને હું હસતો રહ્યો હરદમ.

નજાકત રંગ ને ખુશ્બૂ દઈ ચાલ્યાં ગયાં ફૂલો;
સમજવા મર્મ હું મોઘમ, હજુ મથતો રહ્યો હરદમ.

ભલા ખુદ કે ખુદાઈનો ખૂલ્યો છે ભેદ કયાં પૂરો ;
ખલકમાં ખોળવા એને કદમ ભરતો રહ્યો હરદમ.

## હું જ મારો પ્રશ્ન છું

હું જ મારો પ્રશ્ન છું ને હું જ ઉત્તર દોસ્તો !
સિંહ છું ને તે છતાં ભોળું કબૂતર દોસ્તો !

શુદ્ધ દિલના આયને અદ્રશ્ય ઈશ્વર અવતરે;
હું વધુ જાણું નહીં કે અનુત્તર દોસ્તો !

રોજ ઉદયાચલ ચડું ને રોજ પાછો ઊતરું;
ને સદા ડૂબું તરું ઊંડો સમુંદર દોસ્તો !

લો તપાસી આદમિયત, કેટલી ઊણી થઈ;
રામનું લૈ નામ હુલાવો ન ખંજર દોસ્તો !

❖

## ખુલ્લી કિતાબ છે.

જોઈ લે જિંદગી હવે ખુલ્લી કિતાબ છે ;
વાંચી શકે તો ખુલ્લી આંખમાં જવાબ છે.

આંખોમાં કોઈને ન હવે આંજવું ગમે ;
વાસ્તવ હવે તો એક નઠારું જ ખ્વાબ છે.

આપી ખબર તિરાડમાંથી તેજરશ્મિએ ;
જા, ખોલ બારણું, બહાર આફતાબ છે.

'આનંદ' તે સહ્યાં હશે કંટક ના ઘાવને ;
રણની જ રેતમાં તું ઊગેલું ગુલાબ છે.

## રસ્તો

રસ્તા પર આ ઘર ને ઘરમાં આવી વસતો રસ્તો;
ગમે દેહને ઘર ને મનમાં હરદમ શ્વસતો રસ્તો.

ચાલ કહું તો ચાલે બાકી જરી ન ખસતો રસ્તો;
મેં ગૂંથેલી અશ્રુમાળા પહેરી હસતો રસ્તો.

કો'ક વળાંકે ક્યાંક ઊભો છે તને શોધવા કાજે,
કોણ કહે છે ચડયો વિચારે સાવ અમસ્તો રસ્તો.

હાથ મહીં એ હાથ મિલાવી મારી સાથે ચાલે;
હું બેસું તો બેસી જઈએ પણ ધસમસતો રસ્તો.

❖

## ઓછું નથી ઈનામ

નીચે જમીન છે અને ઉપર છે આસમાન ;
ઓછું નથી ઈનામ, તું કુદરતનો પાડ માન !

મ્હેલો મળે કે ક્યાંય મળે એટલે મુકામ ;
આ જાગરણ કે સ્વપ્ન પણ હવે થયા સમાન.

જાણી લીધો છે મૌનનો મહિમા મેં જ્યારથી ;
મેં ત્યારથી છોડી દીધી મારી સદા જબાન.

'આનંદ' તારી થાય તને સાચી ઓળખાણ ;
અણજાણ લોકમાં તું તને ભાગ્યવાન માન.

## સંકુલ થૈ જશે

ગભરા નહીં ઓ દોસ્ત, જરા પ્રેમથી ઉઠાવ ;
પાષાણ જેવી ચીજ મૃદુ ફૂલ થૈ જશે !

તુજને ગમે છે ત્યાં જઈ વસવાટ કર પ્રથમ ;
વસતાં જશે ત્યાં લોક ને સંકુલ થૈ જશે.

કારણની ભીતરેય છૂપાયાં છે કારણો ;
જાવા દે, નાની વાતમાં તુમુલ થૈ જશે.

કેવળ તું પાત્રતા અને એમાં થા ઓળઘોળ ;
તારી એ વાતમાં બધા મશગુલ થૈ જશે.

❖

## મને શોધો નહીં મિત્રો !

ચડે ખુદ પર હવે ખુન્નસ, મને શોધો નહીં મિત્રો !
રહસ્યોનું છું હું ધુમ્મસ, મને શોધો નહીં મિત્રો !

બની સૂરજ તમે મારા મહીં તડકો ન રેલાવો ;
રહ્યો છું ને રહીશ ધુમ્મસ, મને શોધો નહીં મિત્રા !

હજી મારા અવાજોમાં મને ક્યાં હાથ લાગ્યો છું ?
કે પડઘાતો રહ્યો છું બસ, મને શોધો નહીં મિત્રો !

રહે કુર્નિશ બજાવી રોજ મારાં સેંકડો મહોરાં ;
અસલિયતની છે અસમંજસ, મને શોધો નહીં મિત્રો !

## ફળે આસમાની ઈરાદા

ફળે આસમાની ઈરાદા અમારા
છે કુદરતની સાથે જ નાતા અમારા

હવે તો વહે છે સદા પ્રેમધારા
રહે છે છલકતા કિનારા અમારા

હવા જેમ હળવા હવે થઈ ગયા છે
વિચારોય સાસા-ઉસાસા અમારા

અનેકાન્ત-સુંદર અમે મેળવ્યા છે
મથામણને અન્તે જ રસ્તા અમારા

અરે ભાઈ, 'આનંદ' દુબારા દુબારા
કહી દો બધાને અમારા અમારા

❖

## તો સારું

મળે એ જ મોસમ ફરીથી તો સારું
મળો જો તમે પણ ફરીથી તો સારું

રહ્યો વસવસો કે ખીલી ના શકાયું
સીંચો તમે જળ ફરીથી તો સારું

પાછો ન આવે, સમય જે ગયો તે
શમણાંમાં ઊગે ફરીથી તો સારું

કાતિલ છે ઠંડી, અમે ઠૂંઠવાતાં
મળો થૈને તડકો, ફરીથી તો સારું

# માંદગીના બિછાનેથી

મારા જ ઘરની ચાવી મેં ખોઈ દીધી જાતે
ખુદને નથી પડી ત્યાં, બીજા શું એને ગોતે

તાળું બન્યું નકામું, ચાવી બની નકામી
સરનામું મારું મેં ભૂંસી દીધું છે જાતે

'હું છું' છતાં 'નથી' ના વાઘા સજી મનોમન
વિહરું છું બંધ આંખે, દ્રષ્ટા બની નિરાંતે

ના લેણદેણ ઝાઝી, જોતો રહું તમાશા
ખુદના અને ખલકના, ચાલે જે દિવસ-રાતે

ક્ષુલ્લક જીવન મરણ તો, સાગરના બુદ્‌બુદો બે
છું ક્યારથી ન જાણે, હું આ અનાદિ સોતે





## અજાણ્યા જ રસ્તે

ન નકશો, ન મંઝિલનો અંદાજ રસ્તે
અમસ્તો જ નીકળું, અજાણ્યા જ રસ્તે


ન ખાયે દયા કોઈ મારી કહી દો
છે મારી ગતિ નિયતિના જ રસ્તે

ખુદાનો શુકર છે, રઝળપાટમાં યે
મળી મંઝિલો કૈં, અજાણ્યા જ રસ્તે

અને દોસ્ત, એમાં છે મારો ગુનો શો
ઘણા લોક ચાલે છે, મારે જ રસ્તે

છે બેરોમીટર મારું, મારી જ અંદર
ન માનો કે માનો, છું સાચે જ રસ્તે

મને શોધતી મંઝિલો ખુદ છતાંયે
ફરું થૈ અજાણ્યો, અજાણ્યા જ રસ્તે



# જીવંત લાગે છે

તમે આંખે કર્યું અંજન, પછી જીવંત લાગે છે
પ્રતિમામાં હવે આ દેવ મૂર્તિમંત લાગે છે

નથી હાજર તમે તો યે તમારો સંગ લાગે છે
તમારી સાથ કોઈક જન્મનો સંબંધ લાગે છે

હજુ એ દ્રશ્ય મારી આંખમાં અકબંધ લાગે છે
તમે સ્પર્શ્યા પછી મારું હ્રદય વાજિંત્ર લાગે છે

મળી જાયે છે જ્યારે જિંદગીથી કંઈક અદકેરું
પછી આ જિંદગીનો ત્યાગ દિવ્યપ્રસંગ લાગે છે

રડી ના આંખ મારી, મોતના એ દૂતને દેખી
હસી એ કહી ગયો, તું કો'ક ભાઈબંધ લાગે છે

# धूप में साया


अब प्यारभरी बीन बजाया न किजीये;
धायल दिलोंको और सताया न किजीये ।

इन्सानियत युं देखिये, महंगी बहोत है;
इन लालची सौदोमें गँवाया न किजीये

आदतसी हो गई है हमें रोज की जलन;
आने दो धूप, धूपमें साया न किजीये ।

दर्दे - दिलोंका आईना मैं बन सकुं अगर;
कहना नहिं कि आँसु बहाया न किजीये ।

पछता रहे हैं आप भी यह रिश्ता तोडकर;
औरोंको ऐसी बात बताया न किजीये ।



# रास्तेपे हम

सदीयोंसे है ये रास्ते, और रास्तेपे हम;
चलते रहे समय के साथ रास्तेपे हम ।

इस घरमें ठहरने का तो परवाना बहोत कम;
निकलेगा हुकम चल पडेंगे रास्तेपे हम ।

मनका यह हलकापन ही हमारी है जिन्दगी;
इस रास्तेसे जायेंगे उस रास्तेपे हम ।

कब तक यह तेरा-मेरा तमाशा करेंगे हम,
आखिर तो तुम भी रास्तेपे, रास्तेपे हम ।

पता ही जब मिटा दिया खुदका ही खुद-ब-खुद;
रहते हैं घरमें ऐसे, जैसे रास्ते पे हम ।





## કચ્છી ગઝલ

ઐં છોપા ધલમેં સમંધર, વે ગજો ત ન્યાર વન !
માર ડોબકી પોય એડી, ને તરે ને પાર વન !

તું જ તોજો થી વસામો, તું જ તાકે તાર વન ;
કેંર કેંજો થે સગેતો, હાણે કર વિચાર વન !

તું કોલા કઈયેંતો ચંધા, અય મડે ઓનકે ખબર ;
તું ય ધોનિયા જો ને તોજો, ખેલ હાણે ન્યાર વન !

હા, સમય ફેરે તો પોઠ ને હી મડે ભધલેંતા રંગ ;
વા જતે ગઙ્ઢા નગર, ખંડેર અજ તું ન્યાર વન !

યેં દિયેં જી જંધગીમેં, કર અદા તોજી ફરજ ;
કો'ક દોખિયારે જે ધલજી આગમે તું ઠાર વન !

# કચ્છ રણને કરચલી

તમન્ના રહસ્યોને ગોતી વળે છે;
જે ખોવાય તેને જ મોતી મળે છે.


ચડે ને પડે છે, પડે ને ચડે છે;
પરાજય પચાવે તો જય સાંપડે છે.

અહીં મેઘ ઘેરાય દરિયા ઉપર ને,
પણે કચ્છ-રણને કરચલી પડે છે !

મહોરાં જ મહોરાં ! છે ઝેરી પ્રદુષણ,
ચહેરા હવે સાચના ક્યાં જડે છે !

ટહૂકી ઊઠે મોર શ્રદ્ધાને શ્રાવણ;
ને સંશયના સર્પોની ભીતિ ટળે છે.






## હોલી ડે છે !

મનનો આજે હોલી ડે છે !
રોક-ટોક ના વિચારનો છે,
જેને આવવું હોય તે આવે,
જાવું હોય તે જાય, રજા છે.

જાગે તેનો જોઈ તમાશો,
દૂર રહી હું દિલ બહેલાવું;
બાંધીને ના કોઈને આજે,
મારા સ્વાસ્થ કાજ સતાવું.

મનના નિર્મલ શીશમહલમાં,
સ્મૃતિ તણાં પ્રતિબિંબ તરે છે;
એની આવન - જાવન જોતાં
સહજપણે આ સમય સરે છે !

સંકલના કે ગોઠવણીની,
લાલચ આજે છોડી દઉં છું,
શિશુ સુલભ કૈં બેફિકરીથી,
વિચાર - લીલા નિરખી રહું છું !

# આ ઘટમાળ છે યથાવત્

રોજ એની એ જ આ ઘટમાળ છે યથાવત્
વાયદા પોલા ને બીબાંઢાળ છે યથાવત્


છે ચઢાણો જોખમી, માંગે પળેપળ જાગરણ
જ્યાં ચઢો છો ત્યાં જ લીસ્સા ઢાળ છે યથાવત્

રામ જાણે, કેમ એ કોયલ હવે રિસાઈ ગઈ
જો લચેલી એ જ આંબાડાળ છે યથાવત્

દેવ ક્યારે રીઝશે, એની નથી કોઈ ખબર
હાથમાં મારાય પૂજા-થાળ છે યથાવત્

યુગયુગાન્તર કૈંક વીત્યા, ને હજુયે વીતશે
આ ધરા, આકાશ ને પાતાળ છે યથાવત્





કહું છું ક્યાં અરે મિત્રો !
કે મારા કાવ્ય સારા છે
હૃદયના ભાવ છલકાઈ
ગયા તે બહાર આવ્યા છે

# પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ તથા શાંતિધામ આરાધના કેન્દ્ર : પરિચય

જ્ઞાન, પ્રેમ અને આનંદની મૂર્તિસમા પૂજ્ય જિનચંદ્રજી મહારાજ ના અંતર માંથી વહેતી જ્ઞાનગંગાને તથા તેમની હૃદયસ્પર્શી મધુરવાણીને પુસ્તકો દ્વારા અને ઓડિયો-વિડીયો કેસેટો તથા સી.ડી. અને ડી.વી.ડી દ્વારા ઘર-ઘરમાં પહોંચાડવાનું કાર્ય 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી થઈ રહયું છે.


અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો, લગભગ ૧૦૦ જેટલી ડિવીડી તથા સેકડો ઓડિયો સી.ડી., વિડીયો સી.ડી. તેમજ એમ.પી.થ્રી. સી.ડી. આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થઈ ચૂકી છે અને હવે ટેક્નોલોજીના વિકાસ પ્રમાણે યુટયુબ આદિ ચેનલો તથા અમારી વેબસાઈડ ઉપર પણ પૂજ્યશ્રીના પ્રવચનો સમયે સમયે અપલોડ થતાં રહે છે અને સેકંડો ઓડિયો પ્રવચનોની પેનડ્રાઈવ ઉપર પણ અમે ઉપલબ્ધ કરી શકયા છીએ.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિના મંગલમય તત્વોને તથા માનવ માત્ર માટે ઉપયોગી એવી પ્રભુ મહાવીરની વાણીને અમે દેશ વિદેશમાં ગૂંજતી કરી શકયા છીએ તેનું અમને ગૌરવ છે. જ્ઞાન પ્રસારનું આ કાર્ય હજી વધુ સારી રીતે અને વ્યાપક રીતે કરવાની અમારી ઝંખના છે.

તીથલના દરિયા કિનારાની પાસે પ્રાકૃતિક વાતાવરણમાં આવેલ **શાંતિધામ આરાધના કેન્દ્રમાં ટ્રસ્ટનું મુખ્ય કાર્યાલય આવેલ છે** ત્યાં શ્રી મંગલકારી પાર્શ્વનાથ પ્રભુનું કલાત્મક અને ભવ્ય જૈન મંદિર, વિવિધલક્ષી વિશાળ એ.સી. હોલ તથા આધુનિક સગવડોથી સજ્જ સ્વચ્છ અને સુંદર (એ.સી. રૂમો વાળુ) અતિથિગૃહ, આવેલું છે તેમજ વિહાર કરીને પધારતા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો માટેનો સુંદર ઉપાશ્રયનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

**શાંતિધામ આરાધના કેન્દ્રના આ તમામ વિભાગોનું સંચાલન ' પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ ' વલસાડ દ્વારા કરવામાં આવે છે.**

આ આરાધના કેન્દ્રમાં અવસરે અવસરે યોજાતી સ્વાધ્યાય શિબિરો, મંત્ર સાધના શિબિરો, ભકિત શિબિરો, પર્યુષણ પર્વની આરાધનાઓ તેમજ વિવિધ પૂજનો અને અનેક ધાર્મિક પ્રવૃત્તિઓના આયોજન ઉપરાંત ફ્રી મેડીકલ કેમ્પ વિગેરે માનવસેવાની પ્રવૃત્તિઓ પૂજયશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રેરણાદાયી સાન્નિધ્યમાં થાય છે.



બંધુ ત્રિપુટી

# શ્રી મુનિચંદ્રજી મહારાજ
## કવિ 'આનંદ' ની જીવનયાત્રા

જન્મ : ૨૩ /૧૨ / ૧૯૩૭, મુંબઈ

અભ્યાસ : ગુજરાતી ધો. ૧૦ મુંબઈમાં

જૈન દીક્ષા ગ્રહણ : ૧૯૫૪ સ્થળ : મુંબઈ

દીક્ષા ગુરૂ : જૈનાચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ

દીક્ષિત નામ : મુનિશ્રી મુનિચંદ્ર વિજયજી મહારાજ

શાસ્ત્ર અભ્યાસ : સંસ્કૃત અને પ્રાકૃતભાષા તથા તેનું વિશાળ સાહિત્ય, જૈન આગમો, ભારતીય દર્શન શાસ્ત્ર અને આધ્યાત્મિક ગ્રંથો વિગેરે...

પ્રિય વિષયો : સાહિત્ય, સંગીત, કવિતા, યોગ અને ધ્યાન

સ્વભાવ : સરળ, સંવેદનશીલ, અંતર્મુખી અને કુદરત પ્રેમી.

સાહિત્ય સર્જન : લલિત નિબંધો અને કાવ્યો ૧૯૭૦ થી ૧૯૯૯

ઉપનામ : ' આનંદ '

ભારતમાં પગપાળા પ્રવાસ : ૧૯૫૪ થી ૧૯૮૮ ( ૩૪ વર્ષ )

વિદેશમાં ધર્મયાત્રાઓ : ઈંગ્લેન્ડ, કેનેડા, અમેરિકા, સિંગાપોર, મલેશિયા, કેનિયા, તાન્ઝાનિયા વિગેરે... ( ૧૧ વર્ષ )

જીવનના અંતિમ વર્ષો : શાંતિનિકેતન આશ્રમ, તિથલમાં ૧૫ વર્ષ.

કાળધર્મ : તા. ૩ / ૫ / ૧૯૯૯, શાંતિનિકેતન, તિથલ